પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૨૮ ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૩, શુક્રવાર; મહા વદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# બૂલેટ ટ્રેન દેશનો ડ્રીમ પ્રોજેક્ટ છે

## દેશને તેની જરૂર છે : બોમ્બે હાઈકોર્ટ : ગોદરેજ એન્ડ બોયસ દ્વારા દાખલ અરજીને ફગાવાઈ : બેન્ચે કહ્યું કે પ્રોજેક્ટ રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવે છે અને તેની સાથે લોકોનું હિત જોડાયેલું છે, તેમાં કોઈ હસ્તક્ષેપની જરૂર જ નથી



મુંબઈ, તા.૯

મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલવે પ્રોજેક્ટ માટે જમીન અધિગ્રહણને પડકારતી ગોદરેજ એન્ડ બોયસ દ્વારા દાખલ કરાયેલી અરજીને ફગાવતા બોમ્બે હાઈકોર્ટે કહ્યું કે આ એક ડ્રીમ પ્રોજેક્ટ છે અને દેશને તેની જરૂર છે. જસ્ટિસ આર.ડી. ધાનુકા અને એમ.એમ. સથાયેની બેન્ચે આજે આ આદેશ સંભળાવ્યો હતો.

બેન્ચે તેના આદેશમાં કહ્યું કે પ્રોજેક્ટ રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવે છે અને તેની સાથે લોકોનું હિત જોડાયેલું છે. તેમાં કોઈ હસ્તક્ષેપ કરવાની જરૂર જ નથી. કંપનીને આપવામાં આવેલા વળતરમાં કોઈ ગેરકાયદેસરતા પકડાઈ નથી. અરજદારોએ અમારા માટે અમારી વધારાની ન્યાયિક શક્તિઓનો પ્રયોગ કરવાનો મામલો બનાવ્યો જ નથી. આ સામૂહિક હિતમાં છે અને તે જ સર્વોપરી છે. દેશ માટે આ પ્રકારનો આ પહેલો પ્રોજેક્ટ હશે.

કંપની વતી હાજર વકીલ નવરોજ સીરવઈએ સુપ્રીમકોર્ટમાં અપીલ કરવા માટે આ આદેશ પર રોક લગાવવાની માગ કરી હતી. સીરવઈએ કહ્યું કે હું સ્ટે નથી માગી રહ્યો. હું ફક્ત યથાસ્થિતિ ઈચ્છું

● અનુસંધાન પાન-૭ પર

## દેશના ૧૨૭૫ રેલવે સ્ટેશનોનો કાયાકલ્પ કરવા તૈયારીઓ શરૂ

### મુસાફરી સરળ બનાવવાના રેલવેના પ્રયાસ : લાંબા ગાળાના વિચાર ઉપરાંત રોજબરોજના આધારને ધ્યાને રાખી સ્ટેશનોના વિકાસની કલ્પના કરવામાં આવી

નવી દિલ્હી, તા.૯

ભારતીય રેલવેમાં રોજ-બરોજ હજારો લોકો પ્રવાસ કરતા હોય છે, જેને ધ્યાને રાખી ભારતીય રેલવે પણ મુસાફરોનો પ્રવાસ વધુ સરળ બને તે માટે સમયાંતરે ટ્રેનો વધુ સુવિધાજનક બનાવવાની તેમજ સ્ટેશનોના વિકાસની કામગીરી કરતું રહે છે. તો હવે ભારતીય રેલવેએ દેશના કુલ ૧૨૭૫ રેલવે સ્ટેશનોનો કાયાકલ્પ કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભારતીય રેલવે સ્ટેશનોના વિકાસ માટે તાજેતરમાં જ 'અમૃત ભારત સ્ટેશન યોજના' શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ લાંબા ગાળાના વિચાર ઉપરાંત રોજબરોજના આધારને ધ્યાને રાખી રેલવે સ્ટેશનોના વિકાસની કલ્પના કરવામાં આવી છે. 'અમૃત ભારત સ્ટેશન યોજના' હેઠળ આંધ્રપ્રદેશના ૭૨ રેલવે સ્ટેશન, અસમના ૪૯, બિહારના ૮૬, છત્તીસગઢના ૩૨, દિલ્હીના ૧૩, ગોવાના ૨, ગુજરાતના ૮૭, હરિયાણાના ૨૯, હિમાચલ પ્રદેશના ૩, ઝારખંડના ૫૭,



કર્ણાટકના ૫૫, કેરળના ૩૪, મધ્યપ્રદેશના ૮૦, મહારાષ્ટ્રના ૧૨૩, મણિપુર, ચંડીગઢ, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કીમ, અરૂણાચલ પ્રદેશમાં ૧-૧, ઓડિશાના ૫૭, પુદુચેરીના ૩, પંજાબના ૩૦, રાજસ્થાનના ૮૨, તમિલનાડુના

● અનુસંધાન પાન-૭ પર

## આર્થિક સંકટની વચ્ચે પાક.માં વધ્યું ધર્માંતરણ

### હિંદુઓ સહિત અન્ય લઘુમતી સમુદાયો જોખમમાં : HRCPના અધ્યક્ષ હિના જિલાનીએ કહ્યું કે, ધાર્મિક લઘુમતીઓના પૂજા સ્થાનોને અપમાનિત કરવાના અહેવાલો છે

લાહોર, તા.૯

પાકિસ્તાનના માનવાધિકાર પંચે દેશમાં ધાર્મિક લઘુમતીઓને સતત હાંસિયામાં ધકેલી દેવા પર ચિંતા વ્યક્ત કરી છે. પંચે 'એ બ્રિચ ઑફ ફેથ: ફ્રીડમ ઑફ રિલિજન અથવા બિલિફ ઈન ૨૦૨૧-૨૨' શીર્ષક હેઠળના તેના રિપોર્ટમાં ઘણી ઘટનાઓનો ઉલ્લેખ કર્યો છે. કમિશને કહ્યું છે કે, આ ચિંતાજનક ઘટનાક્રમો છે, જે ધર્મ અથવા આસ્થાની સ્વતંત્રતા પ્રત્યે રાજ્યની પ્રતિબદ્ધતાને માને છે. પાકિસ્તાનના સિંધમાં બળજબરીથી ધર્માંતરણની ઘટનાઓ ચિંતાજનક રીતે વારંવાર બની રહી છે. HRCPના અધ્યક્ષ હિના જિલાનીએ કહ્યું કે, ધાર્મિક લઘુમતીઓના પૂજા સ્થાનોને અપમાનિત કરવાના અહેવાલો છે, પરંતુ જ્યારે આવી ઘટનાઓમાં અહમદિયા સમુદાયના સ્થળોનો સમાવેશ થાય છે, ત્યારે પાકિસ્તાન તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

● અનુસંધાન પાન-૭ પર

## ભારતમાં ટ્વીટરનું બ્લૂ ટિક સબ્સક્રિપ્શન શરૂ કરાયું

નવી દિલ્હી, તા.૯

ટ્વિટરના માલિક બન્યા બાદ ઈલોન મસ્ક કંપનીની સ્થિતિ સુધારવા માટે અનેક પગલા ભરી રહ્યા છે. આ દરમિયાન કંપની છટણીના દોરનો પણ સામનો કરી ચૂકી હતી. હવે માઈક્રો બ્લૉગિંગ પ્લેટફોર્મ ટ્વિટરએ ભારતમાં પણ સબ્સક્રિપ્શન સેવા શરૂ કરી દીધી છે. ભારતમાં ટ્વિટર બ્લૂ ટિક સબ્સક્રિપ્શન માટે અલગ અલગ ચાર્જ વસૂલવામાં આવશે. તેમાં વેબ યૂઝર્સ પાસેથી દર મહિને ૬૫૦ રૂપિયા જ્યારે મોબાઈલ યૂઝર્સ માટે ૯૦૦ રૂપિયા પ્રતિ મહિના ચાર્જ નક્કી કરી દેવાયો છે.

ઈલોન મસ્કે ગત વર્ષે ૪૪ બિલિયન ડૉલરમાં ટ્વિટર કંપનીની ખરીદી લીધી હતી.

## જેટલો કાદવ ઉછાળશો, કમળ તેટલું વધુ ખિલશે : મોદી

### રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવની ચર્ચાના જવાબમાં મોદી વિફર્યા : ગાંધી-નેહરુ પરિવારના નામ પર ૬૦૦ સરકારી યોજનાઓ છે, જો નેહરુના નામનો ઉલ્લેખ ન થાય તો તેમના વાળ ઉભા થઈ જાય છે : વડાપ્રધાન મોદી

નવી દિલ્હી, તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવની ચર્ચાનો જવાબ આપ્યો. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, રાષ્ટ્રપતિના અભિભાષણ પર જે ચર્ચાઓ ચાલી રહી છે, તે ચર્ચામાં સામેલ થઈ હું આદરણીય રાષ્ટ્રપતિનો આભાર માનું છું. સંબોધન દરમિયાન વિપક્ષોએ સૂત્રોચ્ચાર કરતા પીએમ મોદીએ વિપક્ષોને 'ગુલાલ'થી વળતો જવાબ આપ્યો હતો. તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, નહેરુ પરિવારની પેઢીને નહેરુ નામ



રાખવામાં વાંધો કેમ છે. બંને ગૃહનો સંબોધતા રાષ્ટ્રપતિએ વિકસિત ભારતનો રોડમેપ રજુ કર્યો હતો. આ દરમિયાન વિપક્ષી સાંસદોએ મોદી-અદાણી ભાઈ-ભાઈના સૂત્રોચ્ચાર કર્યા હતા. અગાઉ પીએમ મોદીએ લોકસભામાં આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપ્યો હતો. આ દરમિયાન તેમણે કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા હતા. વડાપ્રધાન મોદીએ તેમના સંબોધમાં વધુમાં જણાવ્યું કે, આજે યુથ વિરોધી નીતિ ધરાવતા લોકોને યુવાઓ નકારી રહ્યા છે. સરકારી યોજનાઓમાં નામો અંગે વાંધો ઉઠાવવા પર પીએમ મોદીએ કહ્યું કે, મેં કેટલાક અખબારમાં વાંચ્યું છે કે ગાંધી-નેહરુ પરિવારના નામ પર ૬૦૦ સરકારી યોજનાઓ છે. જો નેહરુના નામનો ઉલ્લેખ ન થાય તો તેમના વાળ ઉભા થઈ જાય છે. તેમનું નામ કેમ ન આપ્યું... મને એ સમજાતું નથી કે તેમની પેઢીના કોઈ પણ વ્યક્તિને નેહરુ સરનેમ રાખવામાં શરમ કેમ આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષોના સૂત્રોચ્ચારનો વળતો જવાબ આપ્યો હતો. મોદીએ કહ્યું કે, કેટલાક લોકોનો વ્યવહાર નિરાશાજનક છે. તેમણે કહ્યું કે,

● અનુસંધાન પાન-૭ પર

## અદાણી એન્ટરપ્રાઈઝના શેરમાં ૧૫ ટકાનો કડાકો

નવી દિલ્હી, તા.૯

અદાણી જૂથના શેરોમાં બે દિવસથી જોરદાર રિકવરી આવ્યા પછી આજે ફરી મોટો ઘટાડો છે. અદાણીના સ્ટોક્સના કારણે આજે નિફ્ટી પરપ્રેશર આવ્યું છે. તેની સાથે પીએસયુબેંક્ના શેરોમાં પણ ભારે ઘટાડો જોવા મળ્યો છે. આ લખાય છે ત્યારે સેન્સેક્સ ૧૩૪ પોઈન્ટ ઘટીને ૬૦,૫૨૯ પર હતો જ્યારે નિફ્ટી ૮૪ પોઈન્ટ ઘટીને ૧૭૭૮૬ પર હતો. અદાણીની માલિકીના તમામ ૧૦ શેરો આજે રેડ ઝોનમાં ચાલે છે. અદાણી ગ્રૂપની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર આજે ૧૫ ટકા ઘટીને ૧૮૩૪ પર ચાલતો હતો. ગઈકાલે આ શેરમાં જોરદાર તેજી હતી અને તે ૨૦૫૦ સુધી પહોંચી ગયો હતો.

## બંગાળના વિભાજન વિરૂદ્ધ પ્રસ્તાવની ટીએમસીની જાહેરાત

### ભાજપને રાજ્યના વિભાજન અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરવા ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપતું ટીએમસી

નવી દિલ્હી, તા.૯

પશ્ચિમ બંગાળના બજેટ સત્રના પહેલા દિવસે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)એ ભારતીય જનતા પાર્ટીને ઉત્તર બંગાળ માટે અલગ રાજ્ય બનાવવાની માંગ પર પોતાનું વલણ સ્પષ્ટ કરવા કહ્યું છે. ટીએમસીએ બંગાળના વિભાજન વિરુદ્ધ વિધાનસભામાં પ્રસ્તાવ લાવવાની જાહેરાત કરી છે.

ઉત્તર બંગાળના વિકાસ મંત્રી ઉદયન ગુહાએ ભાજપને રાજ્યના વિભાજન અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરવા ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે. તેમણે ભાજપ પર બંગાળના લોકો સાથે ડબલ ગેમ રમી રહી હોવાનો આરોપ લગાવ્યો છે. ટીએમસીનો આરોપ છે કે, આ માંગ પાછળ ભાજપના નેતાઓનો હાથ છે.

સિલિગુડીમાં મીડિયા સાથે વાત કરતા ગુહાએ કહ્યું કે, ભાજપ બંગાળના લોકો સાથે 'ડબલ ગેમ' રમી રહી છે. દક્ષિણ બંગાળમાં તેઓ કહે છે કે તેઓ ઉત્તર બંગાળને અલગ રાજ્ય નથી ઈચ્છતા જ્યારે ઉત્તર બંગાળમાં તેમના સાંસદો અને ધારાસભ્યો અલગ રાજ્યની માંગ કરી રહ્યા છે. ભાજપે ૪૮ કલાકમાં પોતાનું સ્ટેન્ડ ક્લિયર કરવું પડશે. ટીએમસી મંત્રીએ ભાજપ પર બંગાળમાં ગડબડ ઉભી કરવાનો પણ આરોપ લગાવ્યો છે કારણ કે, ચૂંટણી નજીક છે. તેમણે આગળ કહ્યું કે, બંગાળને તોડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. અમે આ બજેટ સત્રમાં તેની સામે પ્રસ્તાવ લાવીશું. બીજી તરફ પશ્ચિમ બંગાળના મંત્રી સોવનદેવ ચટ્ટોપાધ્યાયે કહ્યું કે, અમે ઈચ્છીએ છીએ કે વિપક્ષ સહિત દરેક ધારાસભ્ય આ પ્રસ્તાવને સમર્થન આપે.

તેમણે વધુમાં સવાલ કર્યો કે રાજ્યોના વિભાજનને લઈને ભાજપની ત્રિપુરા માટે એક અને બંગાળ માટે બીજી નીતિ છે. આવું કેમ છે? તેને સસ્તી રાજનીતિ ગણાવતા ટીએમસી નેતાએ કહ્યું કે ટૂંક સમયમાં જ ભાજપનો પાખંડ સામે આવશે.

## નાગપુર ટેસ્ટમાં ઓસી.ના ૧૭૭ની સામે ભારતના એક વિકેટે ૭૭ રન

નાગપુર, તા.૯

બોર્ડર ગાવસ્કર ટ્રોફીની પહેલી ટેસ્ટ મેચ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે નાગપુરના વિદર્ભ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. પ્રથમ દિવસે ભારત પહેલી ઈનિંગમાં ઓસ્ટ્રેલિયાથી ૧૦૦ રન પાછળ છે. પ્રથમ દિવસના અંતે ભારતે ૧ વિકેટ ગુમાવીને ૭૭ રન બનાવ્યા છે. ભારત તરફથી કેપ્ટન રોહિત શર્મા ૫૬ રન બનાવી બેટિંગ કરી રહ્યો છે. કે.એલ. રાહુલ ૨૦ રન બનાવી આઉટ થયો હતો. ઓસ્ટ્રેલિયાની પ્રથમ ઈનિંગ ૧૭૭ રન પર સમેટાઈ હતી.

રવિન્દ્ર જાડેજાએ ટેસ્ટ ક્રિકેટમાં ૧૧મી વખત ૫ વિકેટ લીધી. સ્પિનર રવિચંદ્રન અશ્વિને એલેક્સ કેરીને ૩૬ રન પર ક્લીન બોલ્ડ કર્યો હતો. આ સાથે અશ્વિનની ટેસ્ટમાં ૪૫૦ વિકેટ પૂરી કરી છે. અશ્વિન પોતાની ૮૯મી ટેસ્ટમાં ૪૫૦ વિકેટ ઝડપનાર વિશ્વનો બીજો સૌથી ઝડપી બોલર બની ગયો છે.

## રશિયા પાસેથી ઓઈલ ખરીદવા છતાં ભારત પર યુએસ પ્રતિબંધ નહીં લાદે

### ભારત પર પ્રતિબંધની માગ થઈ હતી : કેરેન ડોનફ્રાઈડે મીડિયા સમક્ષ સ્પષ્ટતા, ભારત સાથેના અમારા સંબંધો ખૂબ જ મહત્વપૂર્ણ, પ્રતિબંધ નહીં લદાય

નવી દિલ્હી, તા.૯

રશિયા-યુક્રેન યુદ્ધની વચ્ચે ભારતે સતત રશિયન ઓઈલની આયાત કરી છે. પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને પણ ભારતની આ વિદેશ નીતિની પ્રશંસા કરી છે. પરંતુ કેટલાક દેશો એવા પણ હતા જેઓ ભારત પર પ્રતિબંધ લાદવાની વાત કરી રહ્યા હતા. હવે અમેરિકાએ તે તમામ માંગણીઓને સદંતર ફગાવી દીધી છે અને એ વાત પર ભાર મૂકીને કહ્યું છે કે, ભારત પર કોઈપણ પ્રકારનો પ્રતિબંધ લાદવામાં આવશે નહીં.

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટમાં આસિસ્ટન્ટ સેક્રેટરી કેરેન ડોનફ્રાઈડે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે, અમે ભારત પર કોઈ પ્રતિબંધ લાદવાના નથી. ભારત સાથેના અમારા સંબંધો ખૂબ જ મહત્વપૂર્ણ છે. અમે ભારતના એ પગલાને પણ આવકારીએ છીએ જેમાં યુક્રેનને તેના તરફથી માનવતાવાદી સહાય આપવામાં આવી હતી.

## કુપવાડામાં ગૂંગળાઈ જવાને કારણે એક જ પરિવારના પાંચ સભ્યોએ જીવ ગુમાવ્યો

બિજનોર,તા.૭

શિયાળાની શરુઆત થઈ ત્યારથી આખી રાત હીટર ચાલુ રાખવાને કારણે ગૂંગળાઈને મૃત્યુ પામવાના ઘણાં કિસ્સા સામે આવ્યા છે. મંગળવારની રાતે પણ આવી જ એક દુઃખદ ઘટના જમ્મુ અને કાશ્મીરના કુપવાડામાં બની હતી. અહીં રહેતા મૂળ બિજનોરના એક પરિવારે ઠંડીનો સામનો કરવા માટે આખી રાત હીટર ચાલુ રાખ્યુ હતું, જેના પરિણામે એક દિવસના બાળક સહિત પરિવારના પાંચ સભ્યોનું નિધન થયુ હતું. મૃતકોની ઓળખની વાત કરીએ તો ૩૫ વર્ષીય મોહમ્મદ માજિદ અને તેની પત્ની ૩૦ વર્ષીય શહાનાએ જીવ ગુમાવ્યો છે. સાથે જ તેમના ત્રણ બાળકો ફૈઝાન (સાત વર્ષ), અબુઝર (૫ વર્ષ) અને નવજાત બાળકનું પણ નિધન થયું છે.

## કૈલાશ માનસરોવર યાત્રા સતત ચોથા વર્ષે યોજવા અંગે આશંકા

નવી દિલ્હી, તા.૯

કૈલાશ માનસરોવર યાત્રાનું સંચાલન કરતી નોડલ એજન્સીને અત્યાર સુધી વિદેશ મંત્રાલય દ્વારા કોઈ જાણકારી આપવામાં આવી નથી. જેના કારણે સતત ચોથા વર્ષે આ વાર્ષિક તીર્થયાત્રાનું સંચાલન થશે કે નહીં તેના પર આશંકાના વાદળો ઘેરાયા છે.

ઉત્તરાખંડના પિથૌરાગઢ જિલ્લામાં સ્થિત લિપુલેખ પાસના માધ્યમથી દર વર્ષે આ યાત્રાનું સંચાલન કરાતું હતું. જોકે કોરોના મહામારીના કારણે ૨૦૨૦ બાદથી આ યાત્રા સ્થગિત કરાઈ હતી.

